People Awarness Program organised by N.S.S. Voluntaries, Dated: 10-02-2014

દિવ્ય ભાસ્કર    તા. 10-2-2014
સોમવાર

## અમીરગઢ કોલેજ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**અમીરગઢ** | અમીરગઢ સરકારી વિનયન કોલેજ દ્વારા રાષ્ટ્રિય સેવા યોજના અંતર્ગત ગ્રામ ચેતના અને જનજાગૃતિ શિબિરનો પ્રારંભ શનિવારે સરોત્રા પ્રાથમિક શાળા ખાતેથી સાંસદ હરિભાઇ ચૌધરીના હસ્તે દીપ પ્રગટાવી કરાયો હતો. આ અંગે પ્રોગ્રામ ઓફિસર એન.બી. રાવલ તેમજ પ્રિન્સીપાલ એન. આર. ચૌધરીએ જણાવ્યું હતું કે, 'જનજાગૃતિ વાર્ષિક શિબીરની પૂર્ણાહુતિ 7 ફેબ્રુ.'14 ના કરાશે. આ કાર્યક્રમ દરમિયાન છાત્રો દ્વારા પ્રભાતફેરી, ગ્રામસફાઇ, રક્તદાન, સર્વરોગ નિદાન કેમ્પ, અંધશ્રદ્ધા નિવારણ, પર્યાવરણ જાગૃતિ, વ્યસનમુક્તિ, બેટી બચાવો સહિતના કાર્યક્રમ યોજવામાં આવશે.

ભારત દિશા ટાઈમ્સ, 11-2-14 મંગળવાર

## અમીરગઢ ખાતે સરકારી વિનયન કોલેજ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**પાલનપુર :**

અમીરગઢ ખાતે આવેલ સરકારી વિનિયન કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ગ્રામ ચેતના અને જન જાગૃતિ શિબિરનો પ્રારંભ સરોત્રા પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો.

આ જન જાગૃતિ શિબિરનો પ્રારંભ બ.કાં.ના સાંસદ હરિભાઈ ચૌધરીના હસ્તે દિપ પ્રગટાવીને કરાયો હતો. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસર એન.બી. રાવલ, પ્રિન્સીપાલ એન.આર. ચૌધરીએ જણાવેલ કે જનજાગૃતિ વાર્ષિક શિબિરની પુર્ણાહૂતિ ૧૪ ફેબ્રુઆરીએ કરાશે. આ કાર્યક્રમ દરમ્યાન છાત્રો દ્વારા પ્રભાતફેરી, ગ્રામ સફાઈ, રક્તદાન, સર્વરોગ નિદાન કેમ્પ, અંધશ્રધ્ધા નિવારણ, પર્યાવરણ જાગૃતિ, વ્યસનમુકિત, બેટી બચાવો સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે.

Scanned by CamScanner